## Baroda High School, ONGC-Primary Section

**Morning Shift (2023-24)**

Std: - **૭ ગુજરાતી** **Sub: ______________** Date: __/__/2022

---

**પ્રશ્ન :- ૧ (ક) નીચે આપેલાં વિકલ્પો માંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો :-**

૧ 'ટીપાં ની સફર' પાઠ માં ક્યાં ગુજરાતી મહિના ની વાત કરવામાં આવી છે ?

(અ) અષાઢ (બ) શ્રાવણ (ક) ભાદરવો (ડ) આસો

૨. કયું ટીપું ખુબ લાંબી વાત કરતુ હતું ?

(અ) નદી નું (બ) દરિયા નું (ક) તળાવ નું (ડ) ખાબોચિયા નું

૩. વાદળું ટીપા ને ક્યાં લઈ જતું ?

(અ) મન ફાવે ત્યાં (બ)વાદળું ઈચ્છે ત્યાં (ક) દરિયો હોય ત્યાં (ડ) પવન લઇ જાય ત્યાં

૪.અમથાલાલ ને શું જોઇને મોમાં પાણી આવી ગયું ?

(અ) કેરી (બ) જાંબુ (ક)સફરજન (ડ) કેળા

૫ .મગને થેલી માંથી કેટલા જાંબુ ખાઈ લીધા ?

(અ) એક (બ ) બે (ક )ત્રણ (ડ ) ચાર

૬.ગુજરાત સરકારે રણછોડ પગી નું સમ્માન ક્યારે કર્યું ?

(અ ) ૨૦૦૭ (બ)૨૦૦૦ (ક )૨૦૦૫ (ડ) ૨૦૧૦

૭.સુઈગામ ના પ્રવાસીઓ ને સૈનિકોએ શાનો નાસ્તો કરાવ્યો ?

(અ )બટાટાપૌઆ ( બ ) ભજિયાં (ક )બટાટાવડા (ડ ) ચવાણું

૮ .' આપણે ભરોસે ' કાવ્ય ના કવિ કોણ છે ?

( અ ) પ્રહલાદ પારેખ (બ ) હરીશ નાયક ( ક )સુરેશ દલાલ (ડ )દલપત રામ

**પ્રશ્ન :- ૧ (ખ) ખાલી જગ્યા પૂરો :-**

૧. બલરામ અને શ્રીકૃષ્ણની લાડકી બહેનનું નામ ---------------- હતું .

૨. દશમાં દિવસે ભીષ્મ પિતામહ ------------ પર પોઢ્યા .

૩. અર્જુનના રથના સારથિ ------- બન્યા હતા .

૪. આકાશમાં ચારેબાજુ -----ભેગાં થયા હતા .

૫. અમે તો સાવ હલકા થઈ ગયાં અને હવા ------જવા લાગ્યાં .

૬.હો ભેરુ મારા , આપણે ------ આપણે હાલીએ .

૭. છો નેએ --------ગાઈ ગાઈને કહે, 'તારે ભરોસે રામ !'

૮.જાંબુડા એવાં મીઠાં લાગ્યાં કે અમથાલાલ ઊભા ઉભા જ------- ખાઈ ગયા .

૯. મગને રામજીને થેલી ------દીધી .

૧૦. સૈનિકે શરુ કરેલી વાત એટલી --------હતી કે ,બધા સરવા કાને સાંભળી રહ્યા .

**પ્રશ્ન :- ૧ (ગ) ખરાં –ખોટાંની નિશાની કરો :-**

૧. રણછોડ પગીને સાદગી અને સરળતા પ્રિય હતી . ----------

૨. રણછોડદાસ પગીએ અંધારી રાતે સૈનિકોને હોકાયંત્રથી દિશાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું . ----------

૩. ટપુડાને થેલી ભરીને જાંબુ મળ્યા . ----------

૪. સગો કાકાનો દીકરો એટલે પિતરાઈ ભાઈ કહેવાય . ----------

૫. આપણે આપણા જ વિશ્વાસે જીવવું જોઈએ . .---------

૬.આપણા જીવનની નાવ ચલાવનારો કો,ક આપણી બહાર વસે છે .--------

૭ . વરસાદ બાર રીતે વરસી શકે છે .------

૮.વસ્ત્રાપુર તળાવનું ટીપું વાદળામાં બહુ ખુશ હતું -------

**પ્રશ્ન :-૨ સુચના મુજબ જવાબ લખો :-**

**(ક) સમાનર્થી શબ્દ લખો :-**

૧. નીડર ૨.ભગિની ૩.બંદી ૪. સારથિ ૫.ટપટપ ૬. ફોરાં ૭. મોલ

૮.બીક ૯.એકતારો ૧૦. ખુદ ૧૧. સાગર ૧૨. માઈલ ૧૩.હેત ૧૪.વિસ્મય ૧૫. ચેક પોસ્ટ

**(ખ) વિરોધી શબ્દ લખો :-**

૧. ઊતરવું ૨.આઝાદી ૩. કાયર ૪.વીર ૫.ચડાવ ૬. આગળ ૭. છેલ્લું ૮. હમણાં

૯. આપણા ૧૦. ખોટું ૧૧. ટુંકી ૧૨. ભારે ૧૩. ખરાબ ૧૪. અંદર ૧૫ .દુર

**(ગ) જોડણી સુધારો :-**

૧. આકાશ ૨. સૂરજ ૩. કીરણ ૪.સુકાન ૫. ભેરુ ૬. ડોકીયું ૭.બીચારું ૮.કીલો ૯. રૂપીયા ૧૦. ડોકિયુ

૧૧. લસકર ૧૨.૧૩. નિસાન ૧૪. પગેરું ૧૫ .પ્રતીમા

**(ઘ) રૂઢીપ્રયોગનો અર્થ લખી વાકયમાં પ્રયોગ કરો :-**

૧. રામ રમી જવા ૨.શોષાઈ જવું ૩. બારે મેઘ ખાંગા થવા ૪.ભાન ન રેહવું ૫. દાઢમાં ચોટીજવું

૬ .રાજીના રેડ થવું ૭ . ભારે થવી૮. કાન સરવા કરવા ૯. નોબત આવવી ૧૦.મોરચો માંડવો

**(ચ) નીચે આપેલ સંજ્ઞાઓના પ્રકાર લખો :-**

૧. ગિરનાર ૨. દેશ

૩. લોખંડ ૪. જાગરણ

**(છ ) નીચે આપેલા શબ્દોનાં લિંગ ઓળખો:**

૧ .ઘોડો ૨. કૂકડો ૩. ગોળો ૪.નદી ૫. લોટી ૬. છોકરું ૭.વછેરું ૮. કુતરું

**(જ ) નીચેનાં વાક્યોમાંથી સર્વનામ શોધો અને વાકયની સામે લખો :**

1.તે પુસ્તક વાંચે છે .

૨. તમે કોણ છો ભાઈ ?

૩. પેલું કોણ ઊભું છે .

૪. આ ટેબલ ત્યાં મુકો .

૫. હું ખુદ ત્યાં હાજર હતો .

**પ્રશ્ન:- ૩ (ક) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :**

1.જેને મરડવાથી વહાણ ની દિશા બદલાય છે તે સાધન _______

૨. કહી ન શકાય તેવું ___

૩ .જન્મ મરણ માંથી છુટકારો _____

૪. જીવન ટકાવવા માટેનો પ્રાણવાયુ ____

**પ્રશ્ન:- ૩ (ખ) કૌંસમાં આપેલા શબ્દનો ઉપયોગ કરીને જરૂર હોય ત્યાં ફેરફાર કરી વાકય ફરીથી લખો :**

૧. અકસ્માત જોઇને મારું હૃદય દ્રવી ઊઠયું .( હૈયું )

૨.દરેક પોતાનામાં હામ રાખે તો સફળ જ થાય .( હિમત )

૩. મોંધીમાએ થેલીમાંથી કેળું કાઢ્યું . (કેળાં )

૪. વાંદરો રોટલો ખાઈ ગયો . ( બિલાડી )

**પ્રશ્ન:- ૩ (ગ) આપેલાં શબ્દો પરથી વાક્ય બનાવો :-**

૧. વરસાદ ૨. જાંબુ ૩ . માઈલ ૪. દરરોજ ૫. દાવ ૬. તાણ

**પ્રશ્ન:- ૩ (ઘ) કાવ્યપંક્તિઓ પૂર્ણ કરો :**

આપણે ભરોસે ---------------------------- આપણે હાલીએ .

**પ્રશ્ન:- ૩ (ચ) આપેલાં વાક્યોનું પ્રથમ ભાષામાં અનુવાદ કરો :**

૧. જંગલમાં એક સાબર રહેતું .

૨. જાંબુ મોઘાં હતા .

૩. વજન સરખું કરવા તેણે થેલીમાં ઠળિયા નાખ્યા .

૪. દરિયો વિશાળ હોય છે .

૫. મને વાંચવા કરતાં ફરવાનું ગમે છે .

૬. બાળકોને વરસાદ ખૂબ પ્રિય હોય છે .

**પ્રશ્ન:- ૪ (ક) નીચે આપેલાં પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો :**

૧. તળાવનું ટીપું ક્યાંથી આવેલું હતું ?

૨. બધાં ટીપાં ભેગાં મળીને કોની પાસે જવાનું વિચારે છે ?

૩.તમને કેવા પ્રકાર નો વરસાદ ગમે ?કેમ ?

૪. સૌથી વધુ વરસાદ ભારતનાં કતા રાજ્યમાં પડે છે ?

૫. તમે ક્યારેક કોઈનાં ભરોસે રહ્યાં છો? ક્યારે ?

૬. કવિ કોના હાથને ઝાલવાનું કહે છે ?

૭ તમને કઈ મીઠાઈ સૌથી વધુ ભાવે છે ?

૮.તમારા પાડોશી તમને કેવી -કેવી રીતે ઉપયોગી થાય છે ?

૯. ટપુભાણિયા પર પ્રેમ હોવાના કારણે અમથાલા શું કરતા ?

૧૦.તમને શાળામાંથી કોઈ ઇનામ કે સમ્માન મળ્યું છે ?

**પ્રશ્ન:- ૪ (ખ) નીચે આપેલાં પ્રશ્નોના જવાબ ત્રણ-ચાર વાક્યમાં લખો :**

૧. દરિયાનાં ટીપાં દરિયામાં કેવી મજા કરતાં હતાં ?

૨ ' બારે મેઘ ખાંગા થવા ' એટલે શું ?

૩. 'જાત મહેનત જિંદાબાદ ' એટલે શું ?

૪. દોડીને નીકળી જવું પડે એવી કઇ -કઇ આફતો છે ?

૫.શું થયું હોત તો ટપુને જાંબુ મળ્યાં હોત ?

૬.નાથિયાનું નાક કેમ ઊચુંનીચું થવા લાગ્યું હશે ?

૭. ટપુડા સુધી જાંબુ કેમ ન પહોચ્યાં ?

૮. રણછોડ પગીએ ભારતીય સેનાને કઇ -કઇ રીતે મદદ કરી ?

૯. રણછોડ પગી પગલાંની કઇ -કઇ વિશેષતા ઓળખી બતાવતા ?

૧૦.રણછોડ પગી વિશે ચાર વાક્ય લખો .

**પ્રશ્ન:- ૫ (ક) નીચે આપેલા વિષય પર નિબંધ લખો:**

૧. મારો પ્રિય તહેવાર ૨. વર્ષાઋતુ

**પ્રશ્ન:- ૫ (ખ) નીચે આપેલો ફકરો વાંચી આપેલા પ્રશ્નોના ઉત્તર લખો :**

જીવવાના ત્રણ પ્રકાર છે . બીજા ને મારીને જીવવું એ પ્રકાર સર્વત્ર છે જ . આને જ 'જીવનકલહ' કહે છે . આ પ્રકારથી જીવન ટકે છે પણ એમાં જીવનસાફલ્ય નથી .બીજો પ્રકાર તે પરસ્પર સહકારનો છે . એકબીજાનાં સહકાર થી જીવનનો વિકાસ થાય છે .પણ એમાં જીવનની સર્વોચ્ચ સાથર્કતા નથી . સ્વાપર્ણ માટે જીવવું એ ત્રીજો પ્રકાર છે. સ્વાપર્ણ દ્વારા જે જીવન લાધે છે તે કઈંક જુદું જ હોય છે . એ મારફતે જ જીવનનો પરમ ઉદ્દેશ્ય સમજાય છે અને સફળ થાય છે .

પ્રશ્નોના જવાબ લખો :-

૧. જીવનનાં કેટલા પ્રકાર છે ?

૨. કયો પ્રકાર દુનિયામાં સર્વત્ર છે ?

૩. જીવનનો બીજો પ્રકાર કયો છે ?

૪. 'સહકાર ' શબ્દનો સમાનાર્થી શબ્દ લખો .

૫. આપેલા ફકરાને યોગ્ય શીર્ષક (Title) આપો.